રમેશ ડુમસિયા

ધર્મ કરશો તો ભગવાન પાસે માંગવું પડશે,
કર્મ કરશો તો ભગવાને આપવું પડશે.

# માનવ ધર્મથી ઉપર કોઇ ધર્મ નથી



અહીં કર્મના સિધ્ધાંતની વાત થઇ છે અને આ કર્મના સિધ્ધાંતને બરાબર જીવનમાં પચાવનારા વીરલા જ હોય! એવા એક વીરલા તે રમેશભાઇ ડુમસિયા. જીવનમાં માત્ર ને માત્ર તેમણે કર્મને જ મહત્ત્વ આપ્યું છે. કર્મ કરતા જાઓ, એ કર્મને સત્કર્મો તરફ વાળતા જાઓ, જિંદગી આપોઆપ જીવવાલાયક અને માણવાલાયક બની જશે. આવું માનનારા રમેશભાઇ પોતાના સત્કાર્યોને એવા તો વળગી રહ્યા છે, જેના થકી આજે એમની અલગ ઓળખ ઊભી થઇ છે. એમની અલગ ઓળખ એટલે 'સિમ્પલ લિવિંગ હાઇ થિંકિંગ!' ખરેખર, મળવા જેવા આ માણસને પોતે કરેલાં કામ માટે કોઇ પબ્લિસિટીની જરુર લાગતી નથી અને જરુર પણ શું છે, એમના થકી સેવા એ જ તેમની ઓળખ છે, તેમની અલગ પહેચાન છે.

બિઝનેસ મેનેજમેન્ટનો કોર્સ મુંબઇની કોલેજમાંથી કર્યા પછી, સુરતને કર્મભૂમિ બનાવી. અહીં એવું કર્મ કરી દેખાડ્યું કે, સાચે જ લાગે કે 'કર્મ કરો તો ભગવાને આપવું પડે.' સને ૧૯૯૯માં તેમણે પલસાણામાં 'ઐશ્વર્યા ડાઇંગ એન્ડ પ્રિન્ટિંગ મિલ'ની સ્થાપના કરી હતી. સંસ્થાના સ્થાપક રમેશભાઇ પોતાના અનુભવ અને સમજણશક્તિથી મિલને સમૃધ્ધિની ટોચે લઇ ગયા. અહીં ઉચ્ચ ભણતર કામ આવ્યું. લેટેસ્ટ ટેક્નોલોજીના ઉપયોગથી અને યોગ્ય ટેકનિકલ સ્ટાફની સહાયથી આર્ટસિલ્ક કપડાનું ડાઇંગ અને પ્રિન્ટિંગ કર્યુ. રમેશભાઇનું માનવું છે કે ' હંમેશા જમાના સાથે ચાલો તો તેનાથી એક કદમ આગળ વધુ ઝડપથી જઇ શકાશે.' એટલે આ ઉક્તિ અનુસાર ધંધામાં સેટલ થતી વખતે સ્વ પર અને અન્ય ટેકનિકલ નોલેજ ધરાવતા સ્ટાફ પર પૂરતો વિશ્વાસ રાખી તેઓ આગળ વધતા ગયા.

આજે ઐશ્વર્યા મિલ ' વન ઓફ ધ મોસ્ટ લાર્જેસ્ટ પ્રિન્ટ હાઉસ ઓફ એશિયા' મનાય છે. અહીં ૧૫૦૦૦ મીટરથી માંડી ૧ મિલિયન મીટર કાપડ રોજે રોજ વણાય છે. ડે બાય ડે તેઓ નવી ટેક્નોલોજી અપનાવી રહ્યા છે. એડવાન્સ ટેક્નોલોજીની મદદથી સાડી, ડ્રેસ, કોટન એમ ટેક્સટાઇલમાં જેટલાં પ્રિન્ટિંગ ક્ષેત્રો છે, એમાં તેઓ પ્રિન્ટિંગ કરી રહ્યા છે. તેમના પ્રિન્ટિંગ હાઉસની મુલાકાતે ચીન, કોરિયા, જાપાન, ઇટાલી, જર્મની વગેરે દેશના વિઝિટર્સ આવે છે અને ખાસ તો તેઓ કેટલી કાર્યદક્ષતાથી, ટેકિનકલી આગળ કામ કરી રહ્યાં છે એ જોવા આવે છે. તેમનો પોતાનો પાવર જનરેશન પ્લાન્ટ છે. ISO ૯૦૦૧, ISO ૧૪૦૦૧, ISO ૧૮૦૦૧ સર્ટિફિકેશન તેમની પાસે છે, એ જ બતાવે છે કે તેમનું કામ કેટલું પરફેક્ટ છે. આમ, ટેક્નોલોજી અને ટેકનિકલ નોલેજ ધરાવતો સ્ટાફ તથા પોતાની દુરંદેશી, આ બધાંનું સુભગ પરિણામ તે આજની 'ઐશ્વર્યા ડાઇંગ મિલ.'

અહીં શેઠ-નોકરના સંબંધ કરતાં કર્મચારીમાં 'મારાપણા'ની લાગણી વર્તાય છે. એથી અહીં કર્મચારી તો પ્રગતિ કરે જ છે સાથે મિલ પણ પ્રગતિના પંથે છે. આ 'મારાપણા'ની લાગણીમાં કદી માલિકીભાવ આવતો નથી. અહીં રમેશભાઈની છત્રછાયામાં કુલ ચાર હજાર કામદારો રોજી મેળવે છે. દિવસ અને રાત એમ બે પાળીમાં અહીં કામ થાય છે. અહીં દિવસપાળીમાં કામ કરનાર લગભગ બે હજાર કર્મચારીઓ માટે ભોજનની સગવડ પણ છે, સાથે તેમની તથા તેમનાં સંતાનોનો મેડિકલ ખર્ચ હોય કે પછી તેમનાં બાળકોનો શિક્ષણનો ખર્ચ હોય- મિલ તરફથી એવી સુંદર વ્યવસ્થાનું આયોજન થયું છે, કે અહીં કામ માટે દાખલ થયેલો કર્મચારી ક્યારેય 'એક્ઝિટ'ના દરવાજા તરફ જવાનું વિચારતો જ નથી. વળી, અહીં સ્ત્રી કામદારો માટે અલગ ડિપાર્ટમેન્ટ છે, તેમના કામના કલાકો પણ અલગ છે. આ દુનિયામાં માનવધર્મથી ઉપર કોઇ ધર્મ નથી.

રમેશભાઇ કહે છે કે, 'જીવન છે તો અપ્સ એન્ડ ડાઉન્સ તો આવ્યા કરે. દરેક વખતે માત્ર ને માત્ર પોઝિટિવ થિન્કિંગ રાખો. તમને તમારામાંથી જ વિશિષ્ટ ઊર્જા મળશે.'

ગુજરાતમિત્ર
વધુ જાણવા QR સ્કેન કરો



Nothing is impossible, the word it self says "I" m possible. - Audrey Hepburn